# દૂધ ઉત્પાદક મંડળી 62 વર્ષથી પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિનો મુખ્ય સ્ત્રોત છે




**કઠોલ દુધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહ્યા છે**

બોરસદ તાલુકાના કઠોલ ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું છેલ્લા 62 વર્ષથી મુખ્ય કેન્દ્ર રહ્યુ છે. કઠોલ ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો મુખ્ય સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ પશુપાલકો રોજેરોજ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને ગામના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. કઠોલ દુધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. પશુપાલન સાથે સાથે આવકનો વધુ એક સ્ત્રોત ખેતી પણ છે. ગામમાં મુખ્ય પાકો ડાંગર અને ઘઉ છે. ગામમાં દૂધ મંડળી એકમાત્ર સહકારી સંસ્થા છે. પશુપાલનમાં દેશી ગાયો અને ભેંસો વિશેષ પ્રમાણમાં છે. દુધ મંડળી દ્વારા અમુલ ડેરીના સહયોગથી સામુહિક અકસ્માત વિમા યોજનાનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત દુધ ભરતા સભાસદોને અકસ્માતના સંજોગોમાં મૃતકના વારસદારોને બે લાખ ઉપરાંતની વીમા રકમ ચુકવવામાં આવે છે. દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન તરીકે હાલમાં ભુપેન્દ્રભાઈ પુંજાભાઈ ચાવડા અને વાઈસ ચેરમેન તરીકે કલ્પેશભાઈ શનાભાઈ ઠાકોર કાર્યરત છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીમાં સભ્યો તરીકે જશુભાઈ જીવાભાઈ સોલંકી, અરવિંદભાઈ મથુરભાઈ ઠાકોર, રમેશભાઈ રમણભાઈ પઢિયાર, મગનભાઈ આશાભાઈ ઠાકોર, ધીરૂભાઈ ઉદેસિંહ પઢિયાર, પીન્ટુભાઈ ચીમનભાઈ ઠાકોર, જીગરકુમાર કનુભાઈ રંગપુરીયા, મનિષકુમાર પુનમભાઈ પરમાર, અર્જુનભાઈ ભુપતભાઈ મકવાણા, વિશાલકુમાર કરશનભાઈ દેસાઈ, ચૈતાલીબેન યોગેન્દ્રસિંહ પઢિયાર, લલીતાબેન વિક્રમભાઈ ઠાકોર અને ચંદ્રિકાબેન બિપીનભાઈ મકવાણા ચુંટાઈ આવેલ છે.

## ગામમાં પ્રાથમિક શિક્ષણ માટે વર્ષ 1947ના 6ઠ્ઠી ફેબ્રુઆરીના રોજ શાળાની શરૂઆત કરાઈ હતી

કઠોલ ગામમાં ગ્રામ્ય સ્તરે જ પ્રાથમિક શિક્ષણ મળી શકે તે માટે સ્થાનિક શિક્ષણ પ્રેમી આગેવાનોએ શાળાની શરૂઆત થાય તે પ્રયત્ન કર્યા હતા. સરકારી પ્રાથમિક શાળા. વહેરા. તા.બોરસદ તરીકે જાણીતી છે . શાળાનો સ્થાપના દિન 6ઠ્ઠી ફેબ્રુઆરી છે. વર્તમાન સમયમાં શાળાના આચાર્ય સહિત શૈક્ષણિક કર્મચારીઓ શૈક્ષણિક કાર્ય સહિત શાળા સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે કાર્યરત છે. શાળામાં હાલ 350 ઉપરાંત બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષણ તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં કઠોલ ગામની પ્રાથમિક શાળા ધ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં આવે છે. રાજ્ય કક્ષાની જીલ્લા કક્ષાએ પુરસ્કાર પ્રમાણપત્રો મળેલ છે. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને વિવિધ સ્પર્ધાઓમાં શાળા તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાઓ સુધી પોતાની આગવી ઓળખ ઊભી કરેલ છે. અને કઠોલ ગામનું નામ રોશન કરેલ છે. શાળામાં 3 સુંદર બિલ્ડીંગમાં હાલ 20 જેટલા ઓરડાની સુવિધા ઉપલબ્ધ છે .શાળા પરિસરમાં જ પ્રાર્થનાસભા તથા મધ્યાહન ભોજન માટે વ્યવસ્થા કરેલ છે. શાળાનું વાતાવરણ ખાનગી શાળાને ટક્કર મારે તેથી પણ વિશેષ છે. શાળાના બાળકો CET, NMMS, PSC, JNV, જ્ઞાન સાધના જેવી પરીક્ષાઓમાં આગવી છાપ ધરાવે છે. શાળા નીતિ નિયમોનું ચુસ્ત પણે અમલ કરે છે. બાળકો અને શિક્ષકો સમય પાલન માટે કટિબદ્ધ છે. શાળાનું વિશાળ પટાંગણ રમત ગમત સહિત વિવિધ બાળ કૌશલ્ય પ્રવૃત્તિઓ માટે સુસજ્જ છે. શાળામાં 6થી 8ના બાળકો ડિજિટલ સ્માર્ટ ક્લાસ માં અભ્યાસ કરી રહ્યા છે. શાળા બાળકોને આનંદદાયક શિક્ષણ આપવા કટિબદ્ધ છે. ગ્રામજનો SMC ,અને શિક્ષકગણ શાળા વિકાસ માટે વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહે છે.

### શાળામાં શૈક્ષણિક સંચાલન અને પૂરક પ્રવૃત્તિઓ માટે શાળા વ્યવસ્થાપન સમિતીની રચના કરવામાં આવી છે

| | | | |
|---|---|---|---|
| અધ્યક્ષ | ભાવેશભાઈ છગનભાઈ ઠાકોર | પંચાયત સભ્ય | રમીલાબેન બુધાભાઈ ઠાકોર |
| ઉપાધ્યક્ષ | શૈલેષભાઈ ચંદુભાઈ સોલંકી | ઉપ સચિવ | રઈજીભાઈ દોલતસિંહ પરમાર |
| સભ્ય સચિવ | કલ્પેશભાઈ રામાભાઈ ઠાકોર | મહિલા સભ્ય સચિવ | દક્ષાબેન રાજુભાઈ સોલંકી |
| સભ્ય સચિવ | ભરતસિંહ ભીમસિંહ ગોહિલ | મહિલા સભ્ય સચિવ | સોનલબેન રજનીભાઈ ઠાકોર |
| શિક્ષણવિદ્ | વીજયસિંહ ખેગારસિંહ ગોહિલ | મહિલા સભ્ય સચિવ | સોનલબેન પ્રદીપભાઈ વાળંદ |
| કડીયા | રમેશભાઈ રમણભાઈ પઢિયાર | મહિલા સભ્ય સચિવ | હીનાબેન કિરણભાઈ મકવાણા |
| | | મહિલા સભ્ય સચિવ | ગીતાબેન મુકેશભાઈ પઢિયાર |




## ગ્રામ વિકાસ અને આધુનિક સુવિધાઓ માટે ગ્રામ પંચાયત દ્વારા વિશેષ આયોજન કરવામાં આવે છે






છેલ્લા કેટલાક વર્ષોમાં કઠોલ ગામમાં વિકાસના અનેક મહત્વપૂર્ણ કાર્યો કરવામાં આવ્યા છે. ગામમાં સારા રસ્તાઓ, પીવાનું પાણી, વીજળી અને સ્વચ્છતા જેવી મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા વિવિધ વિકાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ અને પાણી સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓ દ્વારા ગામને વધુ સુંદર અને પર્યાવરણલક્ષી બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

સરકારની વિવિધ યોજનાઓનો લાભ ગામના લોકોને મળે તે માટે પંચાયત દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસ માર્ગે આગળ વધી રહ્યું છે. તાલુકામાં ખુબ ઓછી જનસંખ્યા ધરાવતા ગામમાં મોખરાનું ગામ છે. ગ્રામ પંચાયતના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ ના હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા ત્રણ દાયકાથી કઠોલ ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે.

ગામમાં પાણીની સુવિધા માટે સરકારી યોજના હેઠળ વોટર વર્ક્સ અને સમગ્ર ગામમાં ઘરે ઘરે નળ સુવિધા થકી પાણીની સુવિધા ઉપલબ્ધ થયેલી છે. યોજના હેઠળ લોકફાળો એકત્ર કરવા માટે ગ્રામજનો ધ્વારા માતબર રકમની સખાવત કરવામાં આવી હતી.

આઝાદી પહેલા આ ગામ વડોદરા ગાયકવાડી સરકારની હકુમતમાં આવતું હતું. ગામમાં મોટાભાગે સ્થાનિક લોકો સામાન્ય જીવન શૈલીનુ જીવન જીવતા હતા. સમયાંતરે બદલાવ આવતો હતો. પરંતુ દેશ આઝાદ થયા બાદ સ્વરાજ્યની સંસ્થાઓની સ્થાપના થયા બાદ ગામના લોકોને પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થવા પામી હતી. વર્તમાન સમયમાં આશરે લગભગ ત્રણ હજારની વસ્તી ધરાવતા ગામમાં ગોહિલ, સોલંકી, ચાવડા પાટણવાડીયા ઠાકોર, પરમાર, પ્રજાપતિ, રબારી, દેવીપૂજક વણકર રોહિત વાલ્મિકી વગેરે સમાજના લોકો અહીંયા હળી મળીને સંપીને રહે છે.

ગામના અગ્રણીઓના જણાવ્યા મુજબ ગામ વસ્તીની દ્રષ્ટીએ સામાન્ય ગામ છે પરંતુ ગામના મોટાભાગના લોકોની દિઘદ્રષ્ટીના કારણે ગામમાં આર્થિક સમૃદ્ધિ ક્રમશ વધતી રહે તે માટે સારા પ્રયત્નો કરવામાં આવે છે. ગામની મહિલાઓ પોતાના શ્રમ દ્વારા દૈનિક આવકમાંથી બચત એકત્ર કરી શકે તે માટે સખી મંડળો અને સ્વ સહાય જુથો બનાવવામાં આવેલ છે.

આ મંડળ અને જુથો દ્વારા દરેક મહિલા સભ્યના નાના-મોટા કામ ખુબ જ સરળતાથી પરિપૂર્ણ થાય છે. જુથોના સારા ઉદેશ્યને કારણે ગામની મોટાભાગની મહિલાઓ પોતપોતાના વિસ્તારના સ્વ સહાય જુથો અને સખી મંડળો દ્વારા સંલગ્ન રહીને આર્થિક ઉત્કર્ષ કરી રહેલ છે.

### ગ્રામ પંચાયતના સુકાનીઓ

સરપંચ વિક્રમભાઈ ઈશ્વરભાઈ ઠાકોર, ઉપસરપં ભાગ્યશ્રીબેન નરેશકુમાર ગોહિલ, સભ્યો - તૃશાબેન રમેશભાઈ પરમાર, નયનાબેન ભાવેશભાઈ ઠાકોર, જયેન્દ્રસિંહ અમરસિંહ ગોહિલ, મેહુલભાઈ છગનભાઈ ઠાકોર, શનાભાઈ મફતભાઈ દેવીપૂજક, ગોરધનભાઈ મણીભાઈ વણકર, રેખાબેન વિક્રમભાઈ ઠાકોર

## ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો ગામની પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખે છે



આસ્થાનું ધામ સમાન દરેક દેશ મંદિરે ગરબાની રમઝટ સાથે વિવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. ગામ ખાતે મહાકાળી માતાજીનું ખૂબ જ સુંદર અને ભવ્ય મંદિર નિર્માણ થાય છે, મંદિર ખાતે અનેકવિધ ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓ કરવામાં આવે છે, પરંપરાગત રીતે દર વર્ષે પાટોત્સવનો ખૂબ જ રૂડો મહિમા છે, જ્યાં માતાજીના દિવ્ય પાટોત્સવની દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રી તહેવારની ઉજવણી અંતર્ગત રાસ ગરબાનું સુંદર આયોજન કરવામા આવે છે , જેમાં હર્ષોલ્લાસ સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો તથા ગ્રામજનોએ જોડાઈને માતાજીના નીજ મંદિરના દર્શન કરીને ધન્યતા અનુભવે છે. દેવ મંદિરોમાં ગામના શ્રદ્ધાળુઓ અતુટ આસ્થા ધરાવે છે. ગામમાં ભાથીજી મહારાજનું સુંદર મંદિર આવેલું છે. ગામમાં પ્રવેશતા જ વિશાળ ચોકમાં નયનરમ્ય મંદિર જણાય આવે છે. ગામના દરેક મંદિરોમાં દરરોજ સવાર-સાંજ બંને સમયે પુજારીઓ અને સ્થાનિક રહીશો દ્વારા નિત્યક્રમ મુજબ પુજા-આરતી કરવામાં આવે છે. ગામમાં વસવાટ કરતા તમામ જાતિના લોકો ખુબ આસ્થા સાથે વર્ષ દરમ્યાન વિવિધ ધાર્મિક તહેવારોની ખુબ સંપ અને એકતાથી આસ્થા પૂર્વક ઉજવણી કરે છે. ગામમાં ઉજવાતા મુખ્ય તહેવારોમાં નવરાત્રી, દિપાવલી, નૂતનવર્ષ, જન્માષ્ટમી, રામનવમી, હનુમાન જયંતિ, શનેશ્વર જયંતી વગેરે વાર તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગામની તમામ જાતિના લોકો ઉપસ્થિત રહી આનંદ સાથે ઉજવણી કરે છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)